ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૩ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠેર-ઠેર શેરડીના રસના ચીચોડા ખુલ્યા

શેરડીના રસને ઉનાળામાં એનર્જી ડ્રીંક તરીકે સૌથી વધારે પીવાય છે

ગાંધીનગર, તા.૨૧

ઉનાળો ધીમે પગલે શહેરભરમાં પગ પેસારો કરી રહ્યો છે ત્યારે કાળઝાળ ગરમીમાં ઠંડક મેળવવા શહેરીજનો માટે શેરડીનો રસ માર્કેટમાં આવી ચુકયો છે. ઠેર ઠેર શેરડીના રસના ચીચોડા ખુલી રહ્યા છે. ગાંધીનગરમાં માર્ગોની આસપાસ ફૂટપાથ પર શેરડીના રસના કોલા પર ઉનાળાની આખી સિઝનમાં શેરડીના રસની ડિમાન્ડ જોવા મળે છે.

ઠંડા ઠંડા બરફના ટુકડાઓ ઉમેરીને શેરડીના રસમાં મસાલો ભભરાવીને જે અમૃતમય સ્વાદ આવે છે તેની મજા જ અલગ હોય છે તેમાં પણ શેરડીનો રસ લાકડાના કોલાવાળો ખૂબ જ સ્વાદિષ્ટ લાગતો હોય છે. શહેરીજનો પણ લાકડાવાળા કોલોના રસને પ્રાથમિકતા આપતા હોય છે. તેમાંથી આવતો સ્વાદ વધારે સ્વાદિષ્ટ લાગે છે. સૌરાષ્ટ્રમાં તો શેરડીના રસને ધરતીનું અમૃત રસ પીણું તરીકે ઓળખવામાં આવે છે. એક ગ્લાસ શેરડીના રસની કિંમત ૨૦ થી ૩૦ રૂપિયા હોય છે. ભરબપોરે તાજો શેરડીનો રસ પીવાની મજા જ કંઈક અલગ હોય છે. શહેરીજનો પરિવારના સભ્યો સાથે અને મિત્રો સાથે બેસીને ઉનાળાની મોસમમાં શેરડીના રસની મજા માણતા હોય છે.

શેરડીના રસના ફાયદા : શેરડીના રસમાં ઘણા પોષકતત્વો રહેલા છે. આ સિવાય શેરડીમાં કેન્સર લામે લડવાના ગુણો છે. કેન્સર જ નહી પથરી કાઢવામાં પણ શેરડીનો રસ ઘણો ઉપયોગી સાબિત થાય છે. શેરડીના રસમાં એન્ટી કેન્સર ગુણો છે. શેરડીનો રસ પીવાથી કેન્સરની કોશિકાઓનો

વિકાસ થતો અટકી જાય છે. જેના લીધે કેન્સરના ખતરાથી બચી જવાય છે. શેરડીના રસમાં રોગપ્રતિકારક શકિત વધારવાનો ગુણ રહેલો છે. શેરડીના રસમાં કેલ્શિયમ પૂરતા પ્રમાણમાં રહેલું છે. તેમાં ઉચ્ચ ફાયબર કટેન્ટને કારણે કમળો, એનિમિયા અને એસિડિટી જેવી સમસ્યાઓથી રક્ષણ આપે છે.

શેરડીનો રસ શરીરમાં ગ્લુકોઝની માત્રાને નિયંત્રિત કરે છે. તેમાં નેચરલ મીઠાશ હોય છે. દરરોજ એક ગ્લાસ ઉનાળામાં શેરડીનો રસ પીવાથી રોગપ્રતિકારક શકિત વધે છે. તરત જ બળ, સ્ફૂર્તિ એટલે કે તાજગી આપતા ઔષધ દ્રવ્યોમાં શેરડીની ગણતરી થાય છે.

શેરડી લીવરને તેના કાર્યમાં સક્રિય કરતી હોવાથી કમળા જેવા લીવરના રોગમાં ખૂબ હીતાવહ છે. ચણા ખાધા પછી શેરડીનો રસ પીવાથી ઉગ્ર કમળો મટે છે. એક ગ્લાસ શેરડીના રસમાં એક ચમચી ઘી નાખી પીવાથી વારંવાર થતી હેડકી મટે છે. શેરડી શ્રમહર છે થાક અનુભવાતો હોય ત્યારે શેરડીનો રસ પીવો ઉત્તમ ગણાય છે. શેરડીનો રસ પીવાથી ત્વચાને અલ્ફઅરા હાઈડોકસી એસિડ મળે છે. શેરડીનો રસ એક એનર્જી ડ્રીંક છે તેમાં રહેલું ગ્લુકોઝનું પ્રમાણ શરીરને એનર્જી પુરી પાડે છે.

આયુર્વેદમાં જણાવવામાં આવ્યું છે કે શેરડીના રસથી કબજિયાતમાં ફાયદો થાય છે તેમાં ક્ષારીય ગુણ હોય છે જે એસિડિટી અને પેટના અગ્નિની સારવાર માટે પણ સારો છે.

જન્મદિને વધામણી

રાહીલ શાહ
મો. ૯૯૭૯૭ ૩૨૮૪૯

કીંજલ આર. ઠાકોર
મો. ૯૮૭૯૨ ૫૯૪૧૮

નિઝારા ઠાકોર

સતત બે વર્ષ સુધી કાળો કેર વરાસવનાર કોરોનાએ પીછેહઠ કરતા શાળાઓ શરૂ થઈ ચુકી છે. કોરોનાએ સૌથી વધુ નુકશાન બાળકોના શિક્ષણને પહોંચાડ્યું હતું. આખરે શાળાઓ સંપૂર્ણપણે ઓફલાઈન શરૂ થતાં સ્કૂલવાનો શરૂ થઈ ચુકી છે. સ્કૂલવાનોમાં આનંદ ઉલ્લાસ કરતાં બાળકો સ્કૂલે પહોંચ્યા હતા.

રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિન નિમિત્તે રાજય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર- ૧૭, ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષાના પુસ્તકોનું પ્રદર્શન કરી આ દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ પુસ્તક પ્રદર્શનને ગ્રંથાલયમાં વાંચન અર્થે આવતા વાચક સભ્ય શ્રી હેમાક્ષીબા વાઘેલા અને જશવંતકુમાર પ્રજાપતિના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

છેલ્લા થોડાક સમયથી આપણી માતૃભાષા ગુજરાતીનો ઉપયોગ ઘટતો જાય છે. આ ભાષા મૃતપાય બને નહિ અને ગરવી

ગુજરાતનાં ગૌરવવંતા વારસાને ધબકતો રાખવા માટે આપણી માતૃભાષાને જીવંત રાખવી ખૂબ જરૂરી છે. આપણી માતૃભાષાનો વધુમાં વધુ ઉપયોગ થાય અને આજની યુવાપેઢી તેના સમૃધ્ધ વારસાથી પરિચિત બને તેવા ઉમદા ભાવથી આ ગુજરાતી પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના ગ્રંથપાલ શ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામી દ્વારા વાચકોને આપણી ગુજરાતી ભાષાને જીવંત રાખવા તેમજ વિશ્વ માતૃભાષા દિવસનું મહત્વ સમજવવા માટે દષ્ટાંત પૂર્વકની વાતો પોતાની આગવી શૈલીમાં કરી હતી. તેમણે સર્વે ઉપસ્થિત લોકોને પોતાના જીવનમાં માતૃભાષાનો વધારે ઉપયોગ કરવા પણ નમ્ર અપીલ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગ્રંથપાલ શ્રી ડૉ. પી.કે.ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

સરસ્વતી વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સરસ્વતી વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ માતૃભાષાનું મહત્વ સમજે તે હેતુને સિધ્ધ કરવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષકો ગોપાલસિંહ સોલંકી, મફતભાઈ પ્રજાપતિ, નારાયણસિંહ વાઘેલા, તેજસભાઈ પટેલે માતૃભાષા પ્રત્યે સભાનતા કેળવાય તે માટે વકતવ્ય આપ્યું હતું. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે ભિન્ન ભિન્ન બોલીઓ વિશે જણાવીને માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના શિક્ષિકા મધુબેને માતૃભાષાનું મહત્વ એક દિવસ પુરતું સિમિત ન રાખતા રોજિંદા જીવનમાં પણ એનું મહત્વ જાળવવાનું જણાવ્યું હતું.

ભાષા નિયામકની કચેરી દ્વારા વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર વિશ્વ ૨૧મી ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરે છે ત્યારે ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષાના 'રાજભાષા' ત્રિમાસિક અંકનું રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતું તેમજ ભાષા નિયામકની કચેરી ખાતે ગુજરાતી ભાષાને લગતા પુસ્તકોના પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યુ હતું.

કચેરીના અધિકારી/કર્મચારીઓની ઉપસ્થિતિમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાષા નિયામક શ્રી ડો.પી.કે.ગોસ્વામી દ્વારા ગુજરાતી ભાષાનો વહીવટમાં વધુને વધુ ઉપયોગ થાય તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

સરસ્વતી વિદ્યાલયમાં કૃમિનાશક સપ્તાહની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય સારું રહે, બાળકોમાં આયર્નની ઉણપ દૂર થાય અને શારીરિક વિકાસ થાય તે માટે આરોગ્ય કેન્દ્ર દ્વારા કૃમિનાશક ગોળીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આઈઆઈટીઈ ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

આઈઆઈટીઈમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ ભાષાના ગ્રંથોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, રજીસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલ અને સંસ્થાના અધ્યાપકગણ દ્વારા મુલાકાત લઈને સંસ્થાના વિદ્યાર્થીઓને ગ્રંથ પ્રદર્શનની મુલાકાત લેવા પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના નાયબ ગ્રંથપાલ ડૉ. ઉપેન્દ્ર પંડયા અને ગ્રંથાલય સ્ટાફના માર્ગદર્શન અનુસાર ગ્રંથ પ્રદર્શનનું આયોજન કરાયું હતું અને પુસ્તક ગોઠવણી સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ વિતરણ

ગાંધીનગર, તા.૨૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા તથા ભેટાઈમાં ૮૭ લાભાર્થીને ૩ કી.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં મૈત્રીબેન, જયેષ્ઠા, પ્રવિણભાઈ વાઘાસીયા, મિલિંદભાઈ તથા યોગેશ, ડૉ. અતુલ પંડયાએ સાથે રહી અનાજ વિતરણ કર્યું હતું.

૨ ઉમીએ સદગુરુ હરદેવસિંહ મહારાજના જન્મદિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સંત નિરંકારી ભવન, શાંતિવન સોસાયટી નજીક સેકટર-૩૦ ખાતે વિવિધ કાર્યક્રમો દ્વારા સદગરુ હરદેવસિંહ મહારાજના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. ૨ ઉમી ફેબ્રુઆરીને ગુરુ પુજા દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો કરીને ઉજવવામાં આવે છે. જેમાં સફાઈ અભિયાન, વૃક્ષારોપણ અને આંખોના ફ્રી ચેકઅપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ગાંધીનગરના ડૉકટર તેજલ દલાલ, તેજ આઈ કેર સેન્ટર ગાંધીનગર તરફથી આંખોની તપાસ કરી આપવામાં આવશે. આ કાર્યક્રમનો લાભ ગાંધીનગરની જાહેર જનતા લઈ શકશે. સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી સત્સંગ ભવન ચાલુ રાખવામાં આવશે. આ કાર્યક્રમમાં તમામ અનુયાયીઓ, ધર્મપ્રેમી જનતા તથા ગાંધીનગરના તમામ નાગરિકોને નિઃશુલ્ક તપાસનો લાભ લેવા સંત નિરંકારી મિશનના ઝોનલ ઈન્ચાર્જ સહનવીર બાલિયાન, સંયોજક મનશાબેન ચૂઘ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ વિગતો માટે સંકેત પટેલ-૮૩૦૬૨ ૪૪૯૯૯, સંતોષ પવાર-૯૯૭૯૧ ૪૯૭૭૯, સોહનવીર-૯૫૩૬૭ ૦૩૪૮૭ સાથે સંપર્ક કરવા જણાવાયું છે.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈ. અડાલજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ શિક્ષકગણ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ૫૦થી વધારે ઉપયોગી વનસ્પતિઓના છોડવાનું રોપણ કરાયું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.વૃંદા શાહ, માનસી દોશી, ડૉ. સૌરભ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

શહેરમાં નાગરિકોએ હવે સમજી વિચારીને ઝાડ, છોડને ધ્યાનમાં રાખીને પોતાના ઘરની ડિઝાઈન કરવાની જરૂર છે કારણકે તેમાં જ ઈકો સિસ્ટમની ભલાઈ છે. શહેરમાં જે થોડી ઘણી ચકલીઓની પ્રજાતિઓ બચેલી છે તેમને સાચવવાની જવાબદારી નાગરિકોની છે. શહેરમાં વસવા માટે ચકલીઓને માળો બનાવવા માટે ગાઢ વૃક્ષ મળતા નથી. શહેરમાં કબૂતર, પોપટ જેવા પક્ષીઓની સંખ્યા વધારે જોવા મળે છે ત્યારે સેકટર-૧૯માં પોપટ, કબૂતરની સાથે લુપ્ત થતી ચકલીઓ એક સાથે ચણતી નજરે પડી હતી.

સ્માર્ટ સિટીના આરટીઓમાં ગંદકી અને ભંગારના ઢગ

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૩માં આરટીઓ કચેરીમાં જુના વાહનોનો ભંગાર તેમજ નવા જ બનાવેલા શૌચાલયમાં ગંદકીનું પ્રમાણ વધી ગયું હોવાની ફરિયાદો ઉઠી છે. આ સાથે ગાંધીગનર આરટીઓમાં નાગરિકોને વ્યવસ્થિત સવગડો કયારે મળશે તેવા પ્રશ્નો થઈ રહ્યા છે. અમદાવાદમાં એજન્ટ પ્રથા બંધ છે ત્યારે ગાંધીનગરમાં બિન્દાસ એજન્ટો નો રાફડો જોવા મળતો હોય છે. સૂત્રોના જણાવ્યા મુજબ ડ્રાઈવીંગ ટેસ્ટ લેનાર પાસે જ એજન્ટો ઉભા રહીને સેટિંગ કરીને લાયસન્સ કાઢી આપે છે. આરટીઓમાં બધું લોલમલોલ હોય તેવું જણાય છે તથા અમદાવાદ જેવા અધિકારી ગાંધીનગરમાં કયારે જાગશે તેવા પ્રશ્નો ઉભા થયા છે.

સેક્ટર-૩ ખાતે ઈન્ટર ક્લાસ ટેકવોન્ડો પુમસે ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા સેક્ટર-૩ ખાતે ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટ ૨૦૨૨ નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઈવેન્ટમાં ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગર થકી સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ગાંધીનગર મહાનગરપાલિકાનાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને પુષ્પગુચ્છ તથા મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

ગાંધીનગર ટેકવોન્ડો

એસોસિએશનનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે એ સતત ૬ દિવસ સુધી પૂમસે ઈવેન્ટનાં દરેક સહભાગીને તાલીમ આપી હતી સાથે સાથે કોચ રોનક કંસારા, મિલન કંસારા અને કોચ અજય જાડેજાએ ઈવેન્ટમાં દરેક સહભાગી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા ઉપરોક્ત ટીમનાં મેડિકલ સ્ટાફ દિપિકા મકવાણા અને અમિષા કંસારા દ્વારા ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. ટીમનાં મેનેજર સન્ની રાજપૂત અને જૈમિન વોરા દ્વારા ટીમનું નેતૃત્વ પૂરું પાડવામાં આવ્યું હતું.

સંસ્થાનાં ડિરેક્ટર જતીન દવે દ્વારા ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટને સફળ બનાવવામાં આવી હતી. તથા મિલાપ ટાટારિઆ ટાઈગરએ પૂમસે ઈવેન્ટનાં દરેક એ દરેક ટીમનો, વિદ્યાર્થીઓનો, ઉપસ્થિત મહેમાન, સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર તથા કોચ અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓનાં માતા-પિતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રાઠોડ હંસાબેન બાબુસિંહ,** ઉ.વ. ૪૦, બોભા, પ્રાંતિજ
- **સ્વ. ઠાકોર વિજય કાળાજી,** ઉ.વ. ૨૪, રતનપુર
- **સ્વ. યાદવ દશરથ રાજારામ,** ઉ.વ. ૫૮, સે-૨૬
- **સ્વ. નાયી ગોવિંદભાઈ સોમાભાઈ,** ઉ.વ. ૭૮, વસ્ત્રાપુર, અમદાવાદ